ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/
વિતરણ/પોલીસી/૪૭
જીઆઇડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
તા.30/૦૬/૨૦૧૬

## // પરિપત્ર //

વિષયઃ- નિગમની વસાહતોની વણવપરાશી ઔદ્યોગિક મિલ્કત તબદીલ કરવાની નીતિ.

સંદર્ભઃ- (૧) પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૪૬, તા.૨/૧૨/૨૦૧૫.

(૨) પરિપત્ર ક્રમાંકઃ જીઆઇડીસી/ઓએન્ડએમ/સીઆઇઆર/વિતરણ/પોલીસી/૨૮, તા.૩૧/૦૩/૨૦૧૬.

નિગમની વસાહતોમાં ફાળવવામાં આવેલ ઔદ્યોગિક મિલ્કતનો ફાળવણીદાર ધ્વારા ઉપયોગ કરવામાં આવેલ ન હોય અને તે આજની તારીખે પણ વણવપરાશી/ખૂલ્લી પડી રહેલ હોય અને આવા ફાળવણીદારો જો પોતાની મિલ્કત તબદીલ કરવા ઇચ્છતા હોય તો ખાસ કિસ્સા તરીકે વણવપરાશી/ખૂલ્લા ઔદ્યોગિક પ્લોટની તબદીલીની નીતિ (એકઝીટ પોલીસી) તા.૨/૧૨/૨૦૧૫ ના પરિપત્રથી અમલમાં મુકવામાં આવેલ. આ નીતિની સમય મર્યાદા તા.૩૧/૦૩/૨૦૧૬ સુધીની હતી.

જે નિગમના પરિપત્ર તા.૩૧/૦૩/૨૦૧૬ થી તા.૨/૧૨/૨૦૧૫ના પરિપત્રમાં જરૂરી સ્પષ્ટતા કરી ત્રણ માસ સમય મર્યાદા વધારીને તા.૩૦/૦૬/૨૦૧૬ સુધીની કરવામાં આવેલ અને ક્ષેત્રિય કચેરીએ નિર્ણય લેવાની સમય મર્યાદા તા.૩૦/૦૯/૨૦૧૬ સુધીની કરવામાં આવેલ. આ નીતિને ખૂબ સારો પ્રતિસાદ મળેલ હોઇ, હવે આ સમય મર્યાદામાં વધારો કરવામાં આવે છે અને આ નીતિનો લાભ મેળવવા ઇચ્છતા અરજદારે તા.૩૧/૧૨/૨૦૧૬ સુધીમાં નિગમને અરજી કરવાની રહેશે અને ક્ષેત્રિય કચેરી ધ્વારા તે અંગેનો નિર્ણય તા.૩૧/૦૩/૨૦૧૭ સુધીમાં લેવાનો રહેશે. પરિપત્રોની અન્ય જોગવાઇઓ યથાવત્ રહેશે.

સહી/-
(ડી. થારા)
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ.

**નકલ જયભારત સહ રવાનાઃ-**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.

(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.

(૩) કાર્યપાલક નિયામકશ્રી (એસએન્ડએ), જીઆઇડીસી, ગાંધીનગર નિગમની વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

મંજુરી મુજબ જારી કર્યું
(ઉમેશ વ્યાસ)
કાર્યપાલક નિયામક (ઇએન્ડએ)